ફોન નંબર : (૦૭૯)૨૩૨૫૬૯૦૪ ફેક્સ નંબર : (૦૭૯) ૨૩૨૫૪૫૩૨

# ગુજરાત તકેદારી આયોગ

તકેદારી ભવન, છ-૫, સેક્ટર ૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦

૬૨૬૧

ખાનગી

ક્રમાંક :- શગખ/16/2023/37417/A

પ્રતિ,

દર્શનકુમાર અમૃતલાલ નાયક

ઓફિસ. ૪. રૂચી કોમ્પલેક્ષ, ભુલકાં ભવન સ્કુલ સામે, અડાજણ રોડ, સુરત

વિષય :- બારડોલી નગરપાલિકાની અમીરસ હોટેલથી અલંકાર સિનેમા કેનાલ રોડની બંને બાજુ રોડ બનાવવાની કામગીરીમાં થયેલ ભ્રષ્ટાચાર બાબતે તપાસ કરી કસૂરવાર સામે કાર્યવાહી કરવા બાબત

મહોદય,

ઉપર્યુક્ત વિષય પરત્વેની આપની તા. 11/10/2023 ની અરજી ગુજરાત તકેદારી આયોગને મળી છે.

૨. આપની ઉક્ત રજૂઆતની ગુણદોષ આધારિત ચકાસણી કરીને નિયમાનુસાર જરૂરી કાર્યવાહી કરવા તેમજ આપને યોગ્ય પ્રત્યુત્તર પાઠવવા સારું અગ્ર સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,બ્લોક નં. ૧૪, સચિવાલય,ગાંધીનગર ને મોકલવામાં આવી છે.

૩. આ બાબતે હવે પછી આપને જરૂર જણાય તો ઉક્ત કચેરી સાથે પત્રવ્યવહાર કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(વિજય પી રોટલિયા)
સેક્શન અધિકારી
ગુજરાત તકેદારી આયોગ
ગાંધીનગર

ature valid
by:Vijay P
R
24.06.26
+05:30



Scanned with OKEN Scanner

# જિલ્લા પંચાયત કચેરી, સુરત

DISTRICT PANCHAYAT OFFICE, SURAT

ડુમસ-વેસુ રોડ, પીપલોદ, સુરત

DUMAS-VESU ROAD, PIPLOD,SURAT

દબાણ શાખા | ENCROACHMENT BRANCH

E-Mail :- encrochmentbranch@gmail.com


૨૦૮૧-૨૦૮૨

તા.૦૫ /૦૪/૨૦૨૪

નં.જિ.પં./દબાણ/તાલુકા/પડતર પ્રશ્ન/વશી/૨૫૫ થી ૨૨૪ /૨૦૨૪

પ્રતિશ્રી,

તાલુકા વિકાસ અધિકારીશ્રી,

તાલુકા પંચાયત કચેરી, ..તળાજા.......

જિ.સુરત.

વિષય:- આપના તાલુકાનાં દબાણ વિષયક વિવિધ પડતર પ્રશ્નો બાબતે તાકીદે તપાસ કરી નિકાલ કરવા માટે કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ:- અરજદારશ્રી દર્શનકુમાર અમૃતલાલ નાયક, મહામંત્રી (ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ) ની તા.૧૬/૦૩/૨૦૨૪ ની અરજી.

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે અરજદારશ્રી દર્શનકુમાર અમૃતલાલ નાયક, મહામંત્રી (ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ) રહે.૪, રૂચી કોમ્પ્લેક્ષ, ભુલકા ભવન સ્કુલ સામે, અડાજણ રોડ, સુરતની તા.૧૬/૦૩/૨૦૨૪ ની અરજીથી અત્રેની કચેરીને તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ રજુઆત મળેલ છે. સદર અરજીની નકલ આ સાથે સામેલ છે. સદર બાબતે સંદર્ભિત અરજીના મુદ્દા નં.(૫), મુદ્દા નં.(૧૪) અને મુદ્દા નં.(૧૫) ધ્યાને લઈ દબાણ વિષયક પ્રશ્નોને ગંભીરતાથી લઈ કાર્યવાહી કરવા વિનંતિ. જે રજુઆત બાબતે નિયમોનુસારની કાર્યવાહી કરી લીધેલ પગલાની જાણ પરભારે સબંધિતશ્રીઓને કરી તેમ કર્યાની જાણ આધારસહ અત્રેની કચેરીને કરવા વિનંતી.

અરજદારશ્રીની અરજી પરત્વે જરૂર જણાય તો સ્થળ-નિરિક્ષણ કરી પંચક્યાસ સહિતનો વિગતવાર અહેવાલ તૈયાર કરી અને આગળની નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા વિનંતી.છે તથા લીધેલ પગલાની જાણ પરભારે સબંધિતશ્રીઓને કરી તેમ કર્યાની જાણ આધારસહ અત્રેની કચેરીને કરવા વિનંતી.

બિડાણ:- અરજી અસલમાં

ચીટનીશ કમ
તાલુકા વિકાસ અધિકારીશ્રી (જ.દ)
જિલ્લા પંચાયત, સુરત.

નકલ રવાના:- અરજદારશ્રી દર્શનકુમાર અમૃતલાલ નાયક, મહામંત્રી (ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ) રહે.૪, રૂચી કોમ્પ્લેક્ષ, ભુલકા ભવન સ્કુલ સામે, અડાજણ રોડ, સુરત તરફ જાણ થવા સારૂં

Scanned with OKEN Scanner